



નાની ખત્રીવાડ, વલસાડ


કપરાડામાં મુસાફરોનો બચાવ


ડુંગરી વલસાડ


વલસાડ અતુલ માર્ગ ઉપર કન્ટ્રી ક્લબ માર્ગ


સરોધી-વલસાડ હાઈવે પર ભારે ટ્રાફિક જામ


કપરાડાની તુલસી નદીનો પુલ


ઓરંગા નદી

### કાવેરી, અંબિકા અને ખરેરા નદીમાં ઘોડાપૂર આવતા જનજીવન ઠપ્પ

# ચીખલીમાં 12 ઇંચ વરસાદ અંબિકા, ખરેરામાં ઘોડાપૂર

**હરણગામ** અને ચીખલીમાંથી ૧૩૭ લોકોનું સ્થળાંતર

**૪૮** માર્ગો બંધ થતાં વાહનવ્યવહાર ખોરવાયો

**કાવેરી** નદી ગાંડીતૂર બની ૨૨ ફૂટથી વધુ સપાટીએ વહી

**ખૂંધના** છ અને રાનકુવામાં બે ઘર સાથે સ્ટાફ ક્વાટર્સમાં પાણી ભરાયા


તડકેશ્વર મહાદેવ મંદિર જળમગ્ન

ધર્મેશ પટેલ

### અનેક કોઝવે પાણીમાં ગરકાવ

અંબિકા અને ખરેરા નદી પણ પાણીના પ્રચંડ પ્રવાહ સાથે વહીં હતી. તાલુકાના સતાડીયા ગામે પીપળા ફળિયા પાસે ખરેરા નદીનો કોઝવે પૂરના પાણીમાં ગરકાવ થયો હતો. સરપંચ દીપકભાઈ પૂર્વ તાલુકા સભ્ય મહેશભાઈ સહિતના આગેવાનો દ્વારા ઊંચાઈવાળા પૂલની માગણી કરી રહ્યા છે. સારવણી ગામમાં પણ બીડ ફળિયામાં જતા માર્ગે પર પણ પાણી ફરી વળ્યા હતા. તાલુકામાં લોકમાતાઓ ઉપરાંત નીરજખાડી, ફુગરીખાડી, વાડખાડી, નાવણી નદી, મરકી ખાડી, ગીતવની નદી, કાંકરી ખાડી સહિતના સ્થાનિક કોતરોમાં પણ ઘોડાપૂર આવતા ૪૭ માર્ગો પર પાણી ફરી વળ્યા હતા, સાંજે પૂરા થતા 24 કલાકમાં ૧૧.૧૨ ઇંચ જેટલો નોંધાયો હતો. સાંજે ચાર વાગ્યે કાવેરી નદીની સપાટી ઘટી ૧૯.૫૦ ફૂટે વહી રહી હતી.

ઘેજ : ચીખલીમાં સતત ત્રીજા દિવસે સાંબેલાધાર ૧૧.૧૨ ઇંચ વરસાદ સાથે તાલુકામાંથી પસાર થતી અંબિકા, કાવેરી, ખરેરા સહિતની લોકમાતાઓમાં ધસમસતા પ્રવાહ સાથે ઘોડાપૂર આવ્યા હતા. કાવેરી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી ગાંડીતૂર બનતા હરણગામના નદી મહોલ્લામાં પૂરના પાણી ફરી વળતા તંત્ર દ્વારા લોકોનુ સ્થળાંતર કરાવી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી આ ઉપરાંત ચીખલીમાં પણ તડકેશ્વર મહાદેવજીનું મંદિર જળમગ્ન થવા સાથે રિવરફ્રન્ટ ઉપર પાણી આવી ગયા હતા. તાલુકાના ૪૮ જેટલા માર્ગો બંધ થઈ ગયા હતા.

મેઘાનું આજે ત્રીજા દિવસે જોર વધતા હાઈવેના સર્વિસ રોડ સહિત ઠેર ઠેર માર્ગો પર પાણી ભરાયા હતા. હાઈવેના આલીપોર વસુધારા ડેરી સ્થિત ઓવરબ્રિજ, ચીખલી ઓવરબ્રિજ અને મજીગામ અંડરપાસના સર્વિસ રોડ પર પણ પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ઉપરવાસમાં મુશળધાર વરસાદને પગલે કાવેરી નદી ગાંડીતૂર બની એક સમયે ૨૨ ફૂટથી વધુ સપાટીએ વહેતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. મામલતદાર હિરેનભાઇ મૈસૂરિયા, નાયબ મામલતદાર વિજય રબારી, ટીડીઓ ભાવના યાદવ સહિતના અધિકારીઓએ મુલાકાત લઈ સ્થિતિ પર સતત નિગરાની રાખી રહ્યા હતા. કાવેરી નદીમાં પૂરના પાણી હરણ ગામના નદી મહોલ્લામાં ફરી વળતા ૩૭ અને ચીખલીમાં બે ઘરો મળી ૧૩૭ લોકોનુ સ્થળાંતર કરી જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ખૂંધમાં છ ઘરોમાં પાણી ભરાયા હતા. ચીખલીમાં કાવેરી નદીના પૂરના પાણી સ્મશાનભૂમિ અને રિવરફ્રન્ટ પર ફરી વળવા સાથે નદીમાં તડકેશ્વર મહાદેવજીનુ મંદિર પણ જળમગ્ન થયુ હતુ.

ઘેકટી ગામે પણ એક કેબિન અને ત્રણેક ઘરોમાં પાણી ફરી વળ્યા હતા. હોન્ડ ગામ સ્થિત કાવેરી નદી સ્થિત સ્મશાનભૂમિમાં પણ પૂરના પાણી ઘૂસી ગયા હતા. જ્યારે રાનકુવા ગામે બે ઘરોમાં પાણી ભરાયા હતા. ચીખલીમાં આજે બીજા દિવસે પણ સ્ટાફ ક્વાટર્સમાં પાણી ભરાયા હતા. રૂમલાના કુંભારવાડમાં એક ઘરના પતરા ફંગોળાતા પરિવાર મુશ્કેલીમાં મુકાયો હતો.

### મેઘપ્રલય: મેઘરાજાએ તાંડવ મચાવતા નવસારી જિલ્લામાં સર્જાઈ ગંભીર સ્થિતિ

# ખેરગામ 14, ચીખલી12 ઈંચથી જળતાંડવ

**જિલ્લાના** 178 રસ્તા બંધ કરાયા, બીલીમોરામાં 100થી વધુ લોકોનું સ્થળાંતર

**પૂર્ણા** નદીના વધતા જળસ્તરે શહેરમાં એલર્ટ



**નવસારી જિલ્લાનો વરસાદ**

| | |
|---|---|
| ખેરગામ | 13.29 ઈંચ |
| ચીખલી | 12 ઈંચ |
| વાંસદા | 7 ઈંચ |
| ગણદેવી | 7 ઈંચ |
| જલાલપોર | 5 ઈંચ |
| નવસારી | 4 ઈંચ |

### પૂર્ણા નદીનું જળસ્તર સાંજે 23 ફૂટ સુધી પહોંચી ગયું

પરિસ્થિતિને વધુ ચિંતાજનક બનાવતી બાબત એ છે કે પૂર્ણા નદીનું જળસ્તર સાંજે પાંચ વાગ્યે 23 ફૂટ સુધી પહોંચી ગયું હતું. જો ઉપરવાસમાં વરસાદ યથાવત રહેશે તો નવસારી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ પૂરનું પાણી પ્રવેશી શકે તેવી ગંભીર સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. તંત્રે સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ શરૂ કર્યું છે અને જરૂર પડે તો વધુ સ્થળાંતર માટે પણ તૈયારી રાખવામાં આવી છે.

નવસારી : નવસારી જિલ્લામાં ધોધમાર વરસાદે સમગ્ર જિલ્લાને જળબંબાકાર બનાવી દીધો છે. ખેરગામમાં 13.29 ઇંચ અને ચીખલીમાં 12 ઇંચ વરસાદ નોંધાતા નદીઓ ગાંડીતૂર બની છે, અનેક ગામોમાં પાણી ફરી વળ્યા છે. ઉપરવાસમાંથી સતત આવી રહેલા પાણીથી સ્થિતિ વધુ ગંભીર બનાવી દીધી છે.

સૌથી વધુ અસર બીલીમોરાના વિસ્તારોમાં જોવા મળી છે. પૂરનું પાણી ઘૂસી જતાં અનેક પરિવારો ઘરમાં જ ફસાઈ ગયા હતા. જિલ્લા વહીવટીતંત્રે 100થી વધુ લોકોને સલામત સ્થળોએ સ્થળાંતર કરાવ્યા હતા.

જિલ્લાના 178 માર્ગો બંધ કરવામાં આવ્યા છે. અમલસાડ પંથકમાં પણ ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. ગામને જોડતા મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થતાં આસપાસના ગામો સાથેનો સંપર્ક ખોરવાઈ ગયો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ્પ બન્યો છે, જ્યારે ખેડૂતો, વિદ્યાર્થીઓ અને રોજિંદા કામકાજ માટે બહાર નીકળતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગ દ્વારા હજુ પણ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવતા હાઈ એલર્ટ પર રાખ્યા છે. નવસારીમાં મેઘપ્રલય વચ્ચે તંત્ર હાઈ એલર્ટ પર છે, જ્યારે લોકો માટે આગામી 24 કલાક અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

# ગણદેવીમાં ૭.૧૬ ઇંચથી નદીઓ ગાંડીતૂર

**તાલુકામાં** 229 લોકોનું સ્થળાંતર, તલોધમાં મહિલા પૂરના પાણીમાં તણાઈ


**SDRFની** ટીમ તૈનાત, ગણદેવી તાલુકાના ૪૩ માર્ગો પર પાણી ફરી વળ્યા

બીલીમોરા : ગણદેવી તાલુકામાં ૭.૧૬ ઇંચ વરસાદથી લોકમાતાનું રૌદ્ર સ્વરૂપ સામે આવ્યું હતું. કાવેરી નદીની જળસપાટીમાં ૧૦.૫૦ ફૂટ અને અંબિકા નદીની જળ સપાટીમાં ૧૪ ફૂટનો વધારો નોંધાયો હતો તે સાથે કાવેરી નદી (ભય જનક ૧૯ ફૂટ) વટાવી સમી સાંજે ૧૯.૫૦ ફૂટ અને અંબિકા નદી ભયજનક સ્થિતિ નજીક ૨૬.૮૯ ફૂટે વહેતી હતી.

તાલુકામાં 229 લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. દુઃખદ ઘટનામાં બીલીમોરા નજીક તલોધ ગામે વહેલી સવારે ૬૧ વર્ષીય મીનાબેન પ્રભાતભાઈ પટેલ ગરનાળાના પૂરના પાણીમાં ખેંચાઈને અંબિકા નદીમાં ગરકાવ થઈ ગયા હતા.પાથરી ગામે પતરાનો શેડ તૂટી પડતાં ટ્રેક્ટરને નુકસાન થયું હતું ખેરગામના વશી ફળિયામાં વાંસનું ઝાડ ધસી પડ્યું હતું. વાઘરેચ ગામ ખાતે બનેલા ટાઈડલ ડેમની ફરતે પાણી વધી જતા ડેમની સાઈટ ઉપર કામ કરી રહેલા ૧૫ લોકો ફસાતા રેસ્ક્યુ કરાયા હતા.


કેરસી બારીયા


## જાહેર ચેતવણી



અમો નીચે સહી કરનાર મુકેશ વસ્તીમલ જૈન આથી જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે અમારો પુત્ર વરૂણ મુકેશ જૈન છેલ્લા ઘણાં સમયથી અમારા કહ્યામાં નથી, જેથી તેની સાથે અમારો કોઈપણ આર્થિક, સામાજીક વ્યવહારો રાખેલ નથી અને તેની સામે અમારે કોઈ જાતના વ્યવહારો નથી. જેથી તેની સાથે કોઈપણ વ્યકતી, સંસ્થા કે બેંકએ પૈસાની લેતી દેતી આર્થિક કે સામાજીક વ્યવહાર કરવો નહીં. તેમ છતાં કોઈ વ્યક્તિ કે સંસ્થા કે બેંકએ પૈસાની લેતી દેવી કે આર્થિક કે સમાજીક વ્યવહાર કરશે તો તેની વ્યકતીગત જવાબદારી તેની રહેશે. તેમજ કોઈ વ્યક્તિ કે સંસ્થા કે બેંકએ પૈસાની લેતી દેવી કરશે તો તે ભવિષ્યમાં કોઈપણ પ્રકારની તકરાર ઉપસ્થિત થાય તો તે અંગે ની તર-તકરાર અમારા પાસે લઈ આવવી નહીં. અમોએ અમારા પુત્રને અમારી મિલકતમાંથી બે-દખલ કરેલ છે. તેની લાગતા-વળગતાએ તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

(મુકેશ વસ્તીમલ જૈન)
તા. ૨૧/૦૭/૨૦૨૬

**પ્રકાશભાઈ ડી. પટેલ** (એડવોકેટ)
૨૦૫, લો-ચેમ્બર-૨, ઘોઘા સ્ટ્રીટ, તિમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧. મો.: ૯૫૧૦૨૨૩૩૫૫



**શ્રી સી. કે. જોષી, ઈ./ચા. સંયુકત ચેરિટી કમિશ્નરશ્રી, સુરત વિભાગ, સુરત સમક્ષ**
**સંયુકત ચેરિટી કમિશ્નરશ્રીની કચેરી, એ બ્લોક, ૪થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧**

ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ - ૧૯૫૦ની કલમ-૫૦ (એ) અન્વયે
સ્કીમ અરજી નંબર:૪૯/૨૦૨૫

ટ્રસ્ટનું નામ અને નોંધણી નંબર:શ્રી મૈસુરીયા સમસ્ત સમાજ સાંસ્કૃતિક ભવન
ટ્રસ્ટ નોંધણી નં. એ/૫૨૪/નવસારી

ટ્રસ્ટી નું સરનામું - બંદર રોડ, નવસારી

અરજદારો - (૧) શ્રી સુધીરકુમાર રમણલાલ મૈસુરીયા
રહે.બી-૨૨, આંનદપાર્ક સોસાયટી,ઓમકારેશ્વર મંદિર પાસે,કબીલપોર, નવસારી, તા.જી.નવસારી
(૨) શ્રી નગીનભાઈ મણીભાઈ મૈસુરીયા
રહે. બજાર સ્ટ્રીટ, ચોવીસી, નવસારી, તા.જી.નવસારી

વિરૂધ્ધ

સામાવાળાઓ - (૧) હસમુખભાઈ ઠાકોરભાઈ મૈસુરીયા તથા અન્ય ૧૧
રહે. મુ.પો. અડાજણ, તા. ચોર્યાસી, જી.સુરત.

**જાહેર નોટીસ**

ઉપર જણાવેલ અરજદારોએ સુરત વિભાગના સંયુકત ચેરિટી કમિશનરશ્રી સમક્ષ ધી ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એકટ.૧૯૫૦ કલમ-૫૦ (એ)(૧) અન્વયે અરજી રજૂ કરી ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા, વહીવટ તેમજ સરળ સંચાલન માટે યોજના (સ્કીમ) ઘડી આપવા દાદ માંગેલ છે. આથી સદરહુ ટ્રસ્ટમાં હિત ધરાવનાર તમામને ખબર આપવામાં આવે છે કે,
૧) સદરહુ ટ્રસ્ટની સ્કીમ ઘડવી કે કેમ ?
૨) સ્કીમ ઘડવી તો કેવી રીતે ઘડવી ?

તે બાબત જે કોઈ હિતાધિકારીને વાંધો હોય, કે સૂચનો હોય તો તે બાબતે પોતાની લેખિત રજુઆત આધાર પુરાવા, સોંગદનામા સાથે સદર નોટીસ પ્રસિદ્ધ થયા થી તારીખઃ ૨૭/૦૮/૨૦૨૬ સુધીમાં ઉપર જણાવેલ સરનામે, આ કચેરીમાં જાતે અથવા તો વકીલ મારફતે અથવા ટપાલ મારફતે વાંધા/સૂચનો રજૂ કરવાના રહેશે અને તેવા હિતાધિકારીઓ /વાંધાદારો એ તેઓની રજૂઆત ની એક નકલ અરજદાર ને પણ રજી.પો.એ.ડી.થી મોકલવાની રહેશે. સદર કામની હવે પછીની સુનાવણી તારીખ ૦૪/૦૯/૨૦૨૬ ના રોજ બપોર ના ૧૨.૩૦ કલાકે,અત્રેની કચેરીમાં ઉપરોકત સરનામે રાખવામાં આવેલ છે. તો સદરહુ તારીખે અને સમયે વાંધા સૂચનો રજૂ કરનારે જાતે કે અધિકુત પ્રતિનિધી મારફત રૂબરૂમાં હાજર રહી સુનાવણી કરવાની રહેશે. જો તે મુજબ કરવામા કસુર થશે તો, આ અરજી પરત્વે સંસ્થાના હિતમા જરૂરી અને યોગ્ય લાગે તેવો કાયદાકીય જોગવાઈઓ હેઠળ હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૮.૦૭.૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરી ની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનાર
(સી.એલ. ગાંગાણી)-હિસાબનીશ
મુકાબલ કરનાર
(એસ.પી. ચૌધરી)- અધિક્ષક

કોર્ટનો સિક્કો

(સી.કે.જોષી)
ઈ.ચા. સંયુકત ચેરીટી કમિશ્નર,
સુરત વિભાગ,સુરત.